1. **સંત સમાગમ કીજે હો, નિશ દિન**

**પદ : ૧**

**સંત સમાગમ કીજે હો, નિશ દિન. સં. ટેક**
**માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે હો. નિશ. ૧**
**અંતર કપટ મેટકે અપના, લે ઉનકુ મન દીજે હો. નિશ. ૨**
**ભવદુ ખ ટરે રૂ બળે સબ દુક્તિ, સબવિધિ કારજ સીજે હો. નિશ. ૩**
**બ્રહ્માનંદ સંતકી સોબત, જન્મ સફળ કરી લીજે હો. નિશ. ૪**

**પદ : ૨**

**હરિ ભજતાં સુખ હોય સમજ મન. હ. ટેક**
**હરિ સમરન બિન મૂઢ અજ્ઞાની, ઉમર દીની ખોય. સમજ. ૧**
**માત પિતા જુવતી સુત બંધુ, સંગ ચલે નહિ કોઇ. સમજ. ૨**
**ક્યું અપને શિર લેત બુરાઇ, રહેના હે દિન દોય. સમજ. ૩**
**બ્રહ્માનંદ કહે હરિ ભજ લે, હિતકી કહતહું તોય. સમજ. ૪**

**પદ : ૩**

**સંત પરમ હિતકારી, જગતમાંહી. સં. ટેક**
**પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી. જગત. ૧**
**પરમ કૃપાળુ સકળ જીવન પર, હરિ સમ સબ દુ ખહારી. જગત. ૨**
**ત્રિગુણાતીત ફિરત તન ત્યાગી, રીત જગતસેં ન્યારી. જગત. ૩**
**બ્રહ્માનંદ સંતકી સોબત, મિલત હે પ્રગટ મુરારી. જગત. ૪**

**પદ : ૪**

**યુંહી જન્મ ગમાત, ભજન બિન. યું. ટેક.**
**સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાળ નિકટ ચલી આત. ભજન. ૧**
**ભયોરી બેહાલ ફિરતહે નિશ દિન, ગુણ વિષયનકે ગાત. ભજન. ૨**
**પરમારથકા રાહ ન પ્રીછત, પાપ કરત દિન રાત. ભજન. ૩**
**બ્રહ્માનંદ કહે તેરી મૂરખ, આયુષ વૃથાહી જાત. ભજન. ૪**

**ટેક..**

**સંત સમાગમ કીજે હો, નિશ દિન, સંત સમાગમ કીજે.**
**હરિ ભજતાં સુખ હોય સમજ મન હરિ ભજતાં સુખ હોય.**
**સંત પરમ હિતકારી, જગતમાંહી, સંત પરમ હિતકારી.**
**યુંહી જન્મ ગમાત, ભજન બિન, યુંહી જન્મ ગમાત.**

## 2. આવના મેરે મનકે મેરમ સલુંને શ્યામ રે

**પદ : ૧**

આવના મેરે મનકે મેરમ સલુંને શ્યામ રે;
સલુને શ્યામ રે, મેં સમરું તેરા નામ રે. આવના ટેક
પેહેલી પ્રીત લગાયકે, અબ આશ કરો મત દૂર;
દૂર રહે દુ ખ હોત હે, મેં તરત મરુંગી ઝૂર રે. મેરમ ૧
દરદે દીવાની મેં ડોલું, મેરે વ્રેહકા બાઢયા રોગ;
રોગકી મારી રીસમેં, મેં જાય પેરુંગી જોગ રે. મેરમ ૨
પ્રીતમ ડાર્યા પ્રેમકા, તુંમ જોર ગળે બીચ ફંદ;
ફંદકી મારી મેં ફીરું, બલજાવત બ્રહ્માનંદ રે. મેરમ ૩

**પદ : ૨**

આવના મેરે આશક, જાની રંગીલે બાલમે;
રંગીલે બાલમેં, મેરે દિલકે માશુક માલમેં. આવના ટેક
બોત રસીલી બોલની પ્યારે, અખિયાં તેરી લાલ;
લાલ પિયા તેરે કારને મેં, લીન ફકીરી હાલ રે. જાની ૧
પેહેરું કફની પ્રેમકી, લેઉ હકકી ઝોલી હાથ;
હાથ તેરે મેરા હીયરા, નિશદિન ડોલુંગી સાથ રે. જાની ૨
બ્રહ્માનંદકી વિનતિ, સુન લીજે સુંદર શ્યામ;
શ્યામ પિયા તેરી અંતરે, મેરે રટના આઠું જામ રે. જાની ૩

**પદ : ૩**

શ્યામરે મેરે પ્રાણકે પ્રીતમ, પ્યારી તેરી બોલની;
પ્યારી તેરી બોલની, દિલચોર અલૌકિક ડોલની. શ્યામરે ટેક
લાલ ગુલાબી અખિયાં તેરી, છેલ અલૌકિક ચાલ;
ચાલ લખી તેરી લાલજું, મેરે નેન ભયે ખુશીઆલરે. પ્યારી ૧
વહાલમ, તેરે બેનમેં ભયા, ચિત્ત મેરા ગુલતાન;
તાન તેરે દિદારકી, મેરે છેલ છબીલે કાન રે. પ્યારી ૨
રૂપ તેરા દિલ ભીતરે રટું, રસના તેરા નામ;
નામ તેરે કુરબાન મેં, બ્રહ્માનંદકે સુંદર શ્યામ રે. પ્યારી ૩

પદ : ૪

આયકે બસી અંતર, મેરે છબી પ્યારે કાનકી;
છબી પ્યારે કાનકી, લગી રટના ભીને વાનકી. આ ટેક
મેં ભઇ અબ બાવરી, મેરા મન રહ્યા નહિ હાથ;
હાથ બેકાની નાથકે, મેં તો જાઉંગી વાકે સાથ રે. મેરે ૧
કુન ભરે જલ હેલિયાં, અબ કુન કરે ઘર કામ;
કામ કનૈયા લાલકા, કુરબાન કરૂં ધન ધામ રે. મેરે ૨
બ્રહ્માનંદકે નાથકા અબ, ખૂબ ચઢયા મોય રંગ;
રંગ તજ્યા, સંસારકા, ભઇ દોસ્તી મેરમ સંગ રે. મેરે ૩

ટેક..

આવના મેરે મનકે મેરમ સલુંને શ્યામ રે..
આવના મેરે આશક, જાની રંગીલે બાલમે..
શ્યામરે મેરે પ્રાણકે પ્રીતમ, પ્યારી તેરી બોલની..
આયકે બસી અંતર, મેરે છબી પ્યારે કાનકી..

3. છોગાવાલા હો છેલ મારા જીવન પ્રાણ છો

પદ : ૧

છોગાવાલા હો છેલ મારા જીવન પ્રાણ છો રે; ટેક
મોહન તારી મૂર્તિ લાગે છે પ્યારી લાલ.
આડી મેટે દેખતાં તમે ચાલો છો સુંદર ચાલ. છોગાવાલા. ૧
વેણ અલૌકિક વાઇને વળી ગાઇને નૌતમ ગીત,
કામણ કીધાં કારમાં મારું ચોરી લીધું ચિત. છોગાવાલા. ૨
બાંયે બાજુબંધ બેરખા પેહેરી ફૂલડાં કેરા હાર
વહાલા બ્રહ્માનંદના ઓરા આવોને નંદકુમાર. છોગાવાલા. ૩

પદ : ૨

લટકાળા હો લાલ લટકે તારે મન મારું લીધેલું રે. ટેક
મોહન વાઇ મોરલી તમે કાલિન્દીને તીર,
સાંભળતાં સૂધ વિસરી હું તો ભરવું ભૂલી નીર. લટકાળા ૧
પ્રીતમ પેહેરો છો પ્રેમથી વળી શોભિતા શણગાર,
જાદવ સામું જોઇને સર્વે વશ કીધી વ્રજનાર. લટકાળા ૨
હસી બોલાવી હેતમાં મારું કાળજ નાખ્યું કોર,
બ્રહ્માનંદના વહાલમાં તમે જાદુગારા ચોર. લટકાળા ૩

**પદ : ૩**

**મોરલીવાલા હોમાવ મીઠીમીઠી વાઓ મુખ મોરલી રે. ટેક**
**મોહન તારી મોરલી છે કામણગારી કોય,**
**તીખી નૌતમ તાનમાં મારું મનડું લીધું પ્રોય. મોરલીવાલા ૧**
**માયા લગાડી મુજથી હવે જીવન રહો મા દૂર,**
**રસિયા તારા રાગમાં મારું ચિત્ત થયું ચકચૂર. મોરલીવાલા ૨**
**જંપ ન થાયે જીવમાં મુને કાંઇ ન સૂજે કામ,**
**બ્રહ્માનંદ કહે વિઠ્ઠલા મુને શું કર્યું તેં શ્યામ. મોરલીવાલા ૩**

**પદ : ૪**

**રંગભીના હો કાન વહાલપની કરીએજો વાતડી રે. ટેક**
**કાનજી તારે કારણે મેં તો સેજ બિછાવી સાર,**
**જીવનઉભી જોઉં છું હું તો વાટડી વારંવાર. રંગભીના ૧**
**મળ્યા વિના અતિ રહે છે મારે અંતરમાંય ઉદાસ,**
**શા માટે નથી આવતા તમે પ્રીતમ મારી પાસ. રંગભીના ૨**
**તોડી સૌ સંસારથી મેં તો તમથી જોડી તાન,**
**બ્રહ્માનંદ કહે દીજીએ વારી દર્શન કેરું દાન. રંગભીના ૩**

**ટેક..**

**છોગાવાલા હો છેલ મારા જીવન પ્રાણ છો..**
**લટકાળા હો લાલ લટકે તારે મન મારું લીધેલું..**
**મોરલીવાલા હોમાવ મીઠીમીઠી વાઓ મુખ મોરલી..**
**રંગભીના હો કાન વહાલપની કરીએજો વાતડી..**